ચંડિકાનો ગરબો

[illegible]

રચનાર.

ભુજપાડાના પંડ્યા મોતીરામ મંછારામ.

નાતે નાગર.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

દયાશંકર મયાશંકર. [illegible]

અને

મગનલાલ પુરૂષોત્તમ ફેરિઆફેર

કચ્છભુજ.

આવૃત્તી બીજી   પ્રત ૧૦૦૦

મિત્રમંડળ મુદ્રાલયમાં મુદ્રાંકિત કર્યો

સન ૧૯૦૦   સંવત ૧૯૫૬

કીમત રૂ૦—૨—૦

ચંડિકાનો ગરબો.

ચંડિપાઠમાંથી ત્રણ ચરીત્રનો સાર કહાડી રચ્યોછે.

રચનાર.
લુણાવાડાના પંડ્યા મોતીરામ મંછારામ.
ન્યાતે નાગર.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
દયાશંકર ભયાશંકર. લુણાવાડા.
અને
મગનલાલ પુરૂષોત્તમ ફોટોગ્રાફર
કપડવંજ.

આવૃત્તી બીજી. પ્રત ૧૦૦૦

કપડવંજ-મિત્રમંડળ મુદ્રાલયમાં મુદ્રાંકિત્ત કર્યો.

સન ૧૯૦૦ સંવત ૧૯૫૬

કીંમત રૂ૦-૨-૦

ચંડીકાનો ગરબો

તમે ભજોને આ એમાત, આરાસુરરાણી.
પ્રથમ ગણપતિને પાયે લાગુ, સમરૂ. સરસ્વતિમાત
ચંડીકાનો ગરબો ગાઊ, વરણુ અંબામાત. આરા૦
આદ્ય ભવાની અંબારાણી, ચૌદ ભોવનમાં જાણી
દેવતા સરવે સ્તુતિ કરેછે, તુ બ્રહ્માણી રૂદ્રાણી. આર
આદ્યમહાકાળીનુ રૂપધરીને, મધુકૈટભને માર્યારે;
બ્રહ્મા વિશ્નુ ભય પામ્યા ત્યાં, અંબા તેં ઉગાર્યા. આરા૦
મહિષાસુર મહામોટો બળીઓ, દેવતા સાથે લડીઓરે,
સો વરસસુધી જુદ્ધ કરીને, ઈંદ્રાસનપર ચડીઓ. આરા૦
દસદિશાનુ રાજ્ય કરે ત્યાં, સ્વર્ગતણું વૈમાનરે;
ઈંદ્રતણું ઈંદ્રાસન લેઇને, કરતો ઘણું અભિમાન. આરા૦
બ્રહ્મા ઈંદ્ર સૌ દેવ મળીને, વૈકુંઠ મધ્યે જાયરે,
વિશ્નુ આગળ સ્તુતિ કરી ત્યાં, સરવે ક્રોધે ભરાય. આરા૦
ક્રોધથકી ત્યાં જ્વાળા પ્રગટી, અતુલ્ય તેજ વિશાળરે,
તે તેજમાં એક નારી ઉભી, સુંદીર રૂપરસાળ. આરા૦
મહા લક્ષ્મી ત્યાં પ્રગટ થયાં તે, દેવતા સરવે જોયરે,
કરજોડીને સનમુખ ઉભા, પ્રાક્રમ તેનું જોય. આરા૦
દેવતાએ સર્વે આયુદ્ધ આપ્યાં, પોતપોતાથી બીજા રે.
મોટા સાદે હાસ્ય કરીને, દેવતા ઊપર રીજ્યાં. આરા૦
તેના સાદથી જાણ્ય થયુ ત્યાં, મહિષા સુર તતકાળરે,
તેના ઊપર લડવા આવ્યો, કોટી સેન્ય વિશાળ. આરા૦ ૧
દેવી સાથે યુદ્ધ કરે ત્યા, મહિષાસુર મહાબળીઓરે.
અનેક ચરિત્ર અસુર કરીને, દેવી સાથે લડીઓ. આરા૦ ૧
દેવીએ તેનું મુસ્તક કાપ્યું, પાડયો પૃથ્વિમાંયરે,
દેવતા સરવે જેજે કરતા, પુષ્પ વરસાવ્યાં ત્યાંય. આરા૦ ૧

ઇંદ્રાદી સહુ દેવ માતાને, સ્તુતિ કરે અપારરે,
દેવતાને વરદાન આપવા, બોલ્યાં સુખઉચ્ચાર. આરા૦ ૧૩
જ્યારે તમને દુઃખ પડે ત્યારે, અમરતા થઇશું સહાયરે,
એવું કહી અંતરધ્યાન પામ્યા, દેવીએ મંમાય આરા૦ ૧૪
ત્રીજું ચરિત્ર અંબાનું કહું છું, સાંભળજો સહુ લોકરે,
શુંભની શુંભજે દૈત્યને મારયા, સુણતાં નાસે શોક આરા૦ ૧૫
મહા સરસ્વતિ પ્રગટ થઇને, પ્રાક્રમ કરયું અપારરે,
ત્રીજું ચરિત્ર કહેવાય છે, તેનો સંક્ષેપે વિસ્તાર. આરા૦ ૧૬
ત્રણ લોકનું રાજ કરેલા, શુંભની શુંભ બેઉ ભાઇરે,
દેવતાના સહુ ઠામ મુકાવ્યા, ફેરવીકે દવાય. આરા૦ ૧૭
જે કોઇ જગમાં હોમ કરે તેના, જગન તણો જે ભાગરે,
તેના હમારું લઇને કરશો, દેવતાનો નહીં ભાગ. આરા૦ ૧૮
મહા મોટા અભિમાને ચઢીયા, મુજ સરખો નહી કોયરે,
દશ દીશામાં રાજ પોતાનું, ગરજે રાખ્યો રોષ આરા૦ ૧૯
ચંદ્ર લોકને વાયુ કહીએ, જમપુરીના રખવારરે,
એ સરવેને વશ કરીને, જોગનો અધિકાર. આરા૦ ૨૦
દેવતા નાઠા સ્થાનક મુકી, ગયા બ્રહ્માની પાસરે,
દુષ્ટ દૈત્યે માર્યા કાઢ્યા, થઇ ગયા નિરાશ આરા૦ ૨૧
મહા દુઃખ પડીયું દેવતાને, હિમાચળમાં જાયરે,
અંબાનું અન્ય સહુ વાત કરે છે, કરશે કોણ સહાય. આરા૦ ૨૨
દેવીએ વરદાન આપ્યું'તું, દુઃખ પડે જ્યારે તમનેરે,
તો દેવી આવી હાજર થઇશું, સંભારજો ત્યારે અમને આરા૦ ૨૩
એવું વિચારી હિમાચળમાં, બેઠા સરવે દેવરે,
સરવે મળીને અંબાજીની, સ્તુતિ કરે તતખેવ આરા૦ ૨૪
નમો દેવી તું અંબાજીને, તું શિવા સુખની દાતારે,
ઇંદ્રાણી તું ગૌરી દેવી, સરવે જગતની માત.

કરજોડી નમીએ ૦ ૨૫

આની સ્તુતિ કરે સહુ દેવ, કરજોડી નમીએ.
આદર આપ્યો તતખેવ, કરજોડી નમીએ. ૨૬

આજ ચંદ્ર સ્વરૂપે તેજ માતાજી, [illegible] સુખકારી રે,
કલ્યાણ કરી [illegible] જગતને, [illegible] આપો [illegible]. કર૦ ૨૬
આજ દાડિમ રંગ સરવે શોભે, [illegible] વિશાળ રે,
[illegible] નામે [illegible], [illegible] કર૦ ૨૭
[illegible] સરવે [illegible], [illegible] રે,
[illegible] કર૦ ૨૮
[illegible] રૂપનું, [illegible],
[illegible] રૂપનું [illegible] કર૦ ૨૯
[illegible] રે,
શાન્તિ [illegible] રસિયા કર૦ ૩૦
આજ [illegible] સ્તુતિ [illegible] રે,
[illegible] કર૦ ૩૧
[illegible] ઉપર,
[illegible] કર૦ ૩૨
હેતે [illegible] સ્તુતિ કીધી, [illegible] રે,
[illegible] કર૦ ૩૩
આજ [illegible] રે,
[illegible] આશ. કર૦ ૩૪
એ પ્રમાણે [illegible] રે,
[illegible] આશ૦ ૩૫
ત્યારે [illegible] રે,
[illegible] કરવા કાજ. આશ૦ ૩૬
સન્મુખ આવી [illegible] રે,
દુઃખ તમારું [illegible] આશ. ૦ ૩૭
આજે સ્તુતિ [illegible] રે,
દેવતા [illegible] આશ૦ ૩૮
[illegible] રે,
[illegible] આશ૦ ૩૯

શ્યામ રૂપે થયાં પાર્વતી, કાલિકા થયું નામરે,
હિમાચળ આશ્રમમાં એહાં, ભક્તનુ કરવા કામ. આરા ૦ ૪૦
તેજ થકી જે દેવી પ્રગટયાં, અંબીકાછે નામરે,
રૂપ અલૌકિક શોભાસારી, કોટી સૂરજ તેહામ. આરા ૦ ૪૧
શુંભની શુંભના ચાકર કહીએ, ચંડમુંડ એમ દાસ.
પૃથ્વિ ઉપર ફરતે ફરતે, દીઠી અત્રી સદાઇ. આરા ૦ ૪૨
શુંભની શુંભના આગળ જઇને, વાત કરે અતિ પ્રીતેરે,
મહારાજ તમને એક કહુ છુ, માનજો રુડી રીતે આરા ૦ ૪૩
હિમાચળ પરવતના ઉપર, આવી એક રતંનરે,
કોઇક આણીને ત્યા રહીછે, નથી કોઇ તેનું જતન આરા ૦ ૪૪
તેના સરખુ રૂપ નથી ક્યાંઇ ત્રણ લોકમા એકરે,
મનમાં વિચારી સુંદર નારી, લાવો કરી વિવેક આરા ૦ ૪૫
આવી રત્ન રૂપેછે રૂડી, દસ દીશાઓ શોભેરે,
એવુ રૂપ નથી ક્યાંઇ દીઠું, સુરજ સરખી તે મે આરા ૦ ૪૬
તે અસ્ત્રીને લાવવી જોઇએ, સરવે રત્નનુ નાકરે,
જેટલાં સર્વે રત્ન આણ્યાંછે, જાણી તમારી ધાક આરા ૦ ૪૭
જે જે રત્નમણી પૃથ્વીમાં, ત્રણ લોકમાં હોયરે,
તે તે સર્વે તમારે બારણે, શોભેછે સહુ કોય. આરા ૦ ૪૮
ઇંદ્રતણો ઐરાવત હાથી, પારી જાતનું જ્ઞક્ષરે,
ઉચ્ચૈ શ્રવ ઘોડાની શોભા, દેખેછે સહુ ચક્ષ આરા ૦ ૪૯
હંસ વૈમાન ઊભુ તમ આગળ, પદ્મનીધિનું કહેવાયરે,
સમુદ્રે આપી કમળની માળા, ક્યારે ન કરમાય. આરા ૦ ૫૦
સુવર્ણ ઝરતું છત્રજે કહીએ, વરુણે તમને આપ્યુ રે,
જે જે વસ્તુ શ્રેષ્ઠ કહેવાય, તે તે લાવીને થાપ્યુ. આરા ૦ ૫૧
વરુણ પાશ વરુણે આપ્યુ, અગ્નિએ આપ્યાં વસ્ત્રરે,
એપ્રમાણે દેવ સરવે, વસ્તુ આપી સમસ્ત. આરા ૦ ૫૨
નિશુંભ તમારો ભાઇ બળિયો, સરવ રત્નની જોડરે,
તે આજ રતનમાં રૂડી. જોતાંપહોંચે કોડ. આરા ૦ ૫૩
એ પ્રમાણે શુંભસાંભળી, ચંડ મુંડની વાતરે,

કામાતુર થયોતે રાજા, દુષ્ટ અસુરની જાત, આરા ૦ ૫૪
સુગ્રીવ નામે દૂતને તેડી, બોલ્યો ત્યાં મુખવાણીરે,
તે નારીને જઇ સંભળાવો, આપોને મને આણી. આરા૦ ૫૫
તેની આગના લેઇને ચાલ્યો, હિમાચળમાં જાયરે,
સનમુખ આવી આગળ ઊભો, દેવીકે અબાય. આરા ૦ ૫૬
સાંભળ દેવી વાત હમારી, સાચી કહું છું વાણીરે,
ત્રણ લોકનું રાજ્ય ભોગવે, શુંભની શુંભનુ જાણ. આરા૦૫૭
તેનો હું ચાકરછું દેવી, મોકલ્યો છે તુજપાસરે,
નાઠા દેવતા રાજ્ય મળીને, થઇ ગયા નિરાશ. આરા ૦ ૫૮
ત્રણ લોકમાં રાજ્ય [illegible], દેવો મારે [illegible]રે,
દેવ જગતમાં [illegible], [illegible] આરા૦ ૫૯
[illegible], [illegible]રે,
તે સરવે [illegible], [illegible] સમસ્ત. આરા ૦ ૬૦
હાથી રત્ન [illegible], [illegible] કહેવાયરે,
ઇંદ્ર [illegible] નાથાય આરા ૦ ૬૧
ઊચ્ચૈઃશ્રવ [illegible] કહીએ, ઇંદ્ર [illegible] આપ્યોરે,
અનેક વસ્તુ [illegible]તાની, અસુર જગતમાં આપો. આરા૦૬૨
ચૌદ રતનનિ [illegible]મોટી, ઘેર અમારે થાયરે,
જો નારીતું આવે તો ત્યાં, આનંદ અદકો થાય આરા૦ ૬૩
શુંભને વરીને સુખ ભોગવો, નીશુંભ બળીઓ ભાઇરે,
મોટી પદવી તમે પામશો, સ્વર્ગથકી સવાઇ. આરા૦ ૬૪
એવું વિચારી ચાલો સાથે, શુંભની શુંભને ઘેરરે,
કશી વાતનું દુઃખનથી ત્યાં, થાશે રૂડીપેર, આરા૦ ૬૫
એ પ્રમાણે વાત સાંભળી, હસિયાં માતામનરે,
ગંભીરતા રાખીને માતા, બોલ્યાં મધુર વચન. આરા૦ ૬૬
તમે કહ્યું તે સરવે સાચું, ખોટું નથી લગારરે,
ત્રણલોકમાં રાજ્યછે શુંભનું, મહામોટો અધિકાર. આરા૦૬૭
નીશુંભ તેના સરખો બળીઓ, ચૌદરત્નછે ઘેરરે,
મારેપ્રતિજ્ઞા એકકરીછે, સાંભળ તેની પેર. આરા૦ ૬૮

મારો નેમ કેમ જુઠો થાઉં, જેણે લીધું છે પાણરે,
બાળપણમાં અકળ મુરારી, પાપી મુકશું જે તેનું આરા૦ ૬૯
જેઠાણ મુજને સાથ લઈને, જાઉં મારો ઝાંઝરે,
મારાથી જીતને તોડવા, બાળીઓ કરે બાથે આરા૦ ૭૦
તેહનું બાકીઆર કીધુંને, તે નિત્ય રહીનું રે,
શત્રુ સાથ પુરીને લઈને, પ્રતીજ્ઞા કરી છું. આરા૦ ૭૧
ઓપ્રમાંથી શુંભની શુંભત, જરા કરીને વાત રે,
તેનામાં પ્રાક્રમ હતો, કરશે શું એ વાત આરા૦ ૭૨
દુત કહે છે શું આવું બોલે, મન કરી જેમ તુંમારે,
અમ લોકમાં કોઇ નથી કોઈ, શુંભના આગળ ન આરા૦ ૭૩
દેવતા સરવે નાશી ગયા છે, તારા જેવા નથી આગળરે
શુંભની શું બરાબર બણીઆ તોરા, નારાયણ ના આરા૦
દસ હા જોઈને કહું શું શુંભને, આગે ભરણી ગડગડે,
હાથ આવીને સેવા બની, અબળા તું છે નાર આરા૦ ૭૪
એવું સાંભળીને દેવી બોલ્યા, શા માટે કરો વારરે,
જઇ સંભળાવો શુંભની શુંભને, આવશે આવી નીરધાર. આરા૦
મારી પ્રતિજ્ઞા પુરી થયા વિના, નહીં આવું હું બારરે,
શુંભના આગળ કહેજો સરવે, કરશે નથી કંઈ. આરા૦ ૭૭
દુત આવી શુંભના આગળ, કહી તે સરવે વાતરે,
આકુળ વ્યાકુળ થયેલ્યાં રાજા, ક્રોધે ભરી ઉતપાત આરા૦ ૭૮
ધુમ્રલોચન તું સાંભળ, સેના સરવે લેઇને રે,
તે અબળા નારીને લાવો, ચોટ પકડી કેશ. આરા૦ ૭૯
એમ કરતાં જો ન આવે તો, ઝાલી લાવજો કેશરે,
તેની સાથે યુદ્ધ જંગ કરજો, અબળા ભારે વેશ. આરા૦ ૮૦
રક્ષણ કરેલાં જો કોઇ તેનું, મારજો કે દેવરે,
સિદ્ધ આદી જે તેને રોકે, મારજો સહુ તતખેવ. આરા૦ ૮૧
સાઠ હજાર યોદ્ધાને લઇને, આવ્યો ધુમ્ર લોચનરે,
સજ થઇને સેના ચાલી, જેવો મેઘ પવન આરા૦ ૮૨
દેખીને હીમાચળ ઉપર, દીઠું સૈન્ય અપારરે,

સિંહના ઉપર ચાલનકીને, બેઠસાં શુભ ઉચ્ચાર. આરા૦ ૮૩
શુંભની શુંભે સેન્યા મોકલી, સુંભને ઝાલી લેવા રે,
કેશ ઝાલીને સુંભને લેશો, હાથ થશે હવે કેમ. આરા૦ ૮૪
દેવી ક્રોધે આગલ્યે મોકલી, [illegible] સૈન્ય અપાર રે,
[illegible] હવે શું કરું [illegible] આરા૦ ૮૫
એવું [illegible] અસુર આવ્યા, [illegible] રે,
કેશ ઝાલીને [illegible] આરા૦ ૮૬
[illegible] રે,
[illegible] આરા૦ ૮૭
[illegible] રે,
[illegible] આરા૦ ૮૮
[illegible] રે,
[illegible] આરા૦
[illegible] રે,
[illegible] આરા૦ ૯૦
[illegible] કરતાં [illegible] રે,
કોઈ હાથ વિના કોઈ પગ વિના, એમ કીધો [illegible].
આરા૦ ૯૧
માથાં [illegible] રુધિર પીએ, [illegible] રે
[illegible] આરા૦ ૯૨
એક [illegible]
[illegible] આરા૦ ૯૩
[illegible] રે,
સૈન્ય સઘળું સિંહે માર્યું, [illegible] આરા૦ ૯૪
એવી વાત ત્યાં શુંભે સાંભળી, ક્રોધ ચડ્યો અપાર રે,
સિંહ માર્યું સૈન્ય જે સર્વે, [illegible] અવતાર. આરા૦ ૯૫
[illegible] ઉપર [illegible], [illegible] રે,
[illegible], [illegible] ન કરશો વાત. આરા૦ ૯૬
[illegible], સાંભળો મારી વાત રે,

તમે ગયાતાત્યાં તમે જાઓ, લાવો અસ્મિની જાત. આરા૦ ૯૭
સેન્યા બહુ તમે સાથ લેઇને, હિંમાચળમાં જાવોરે,
કેશ ઝાલીને અબળા નારી, શિઘ્રે તેને લાવો. આરા૦ ૯૮
તેની પાસે જેકોઇ હોય, તેને મારી દેજોરે,
સિંહને મારી ક્ષણું એકમાં, અસ્મિ લાવી દેજો. આરા૦ ૯૯
સેન્યા કોઇ તેની પાસે હોયતો, જુધ કરીને મારજોરે,
કેશ ઝાલીને ખેંચી લાવજો, અસ્મિને ઉગારજો. આરા૦ ૧૦૦
આગ્ના લેઇને ત્યાંથી ચાલ્યા, ચંડ મુંડ બેભાઇરે,
ચતુરંગ સેન્યા સાથે લીધી, મારગ જાય પળાઇ આરા૦ ૧૦૧
દુરથકી દેવીએ દીઠી, આવતી સેન્યા ભારીરે,
મનમાં હસવા લાગ્યા માતા, મુજને લેશે મારી આરા૦ ૧૦૨
સિંહના ઉપર વાહન કર્યુંને, પારવતીછે પાસેરે,
ઉધમ કર્યોછે લડવા કેરો, કરવા દૈત્યનો નાશ. આરા૦ ૧૦૩
અંબીકાએ કોપકર્યો ત્યાં, મુખ આખ [illegible]રે,
નેત્ર ભ્રકુટી વાંકી કરીછે, જેમ અગ્નિની જ[illegible] આરા૦ ૧૦૪
કાલીકા વિકાળ થઇછે, મુખ મોટું વિસ્તારુંરે,
તિક્ષણ દાંત ભયંકર મોટા, દૈત્યને મારવા આરૂ. આરા૦ ૧૦૫
ચિત્ર વિચિત્ર અંગ કર્યુંછે, નરમાલાનો હારરે,
ગજચરમાંબર અંગે પહેર્યું, સુકો દેહ [illegible]. આરા૦ ૧૦૬
મહા ભયંકર દેહ કર્યોછે, જીભ્હા લાંબી [illegible]રે,
રાતાં નેત્ર મહા ભમ થઇને, અસુર ઉપર [illegible] આરા૦ ૧૦૭
વેગકરીને ચાલ્યાં સેનમાં, કાળિકા [illegible]કાળરે,
અસુર ઝાલી મુખમાં ચાવે, ચોદેસ દેતા ફાળ. આરા૦ ૧૦૮
રથ સહીત ઘોડાને સારથી, મુખમાં ચાવી જાયરે,
કંઇ જોદ્ધા મહા મોટા બળીઆ, સર[illegible] ખાય. આરા૦
કોઇ હાથ વિના કોઇ પગ વિના, એમ [illegible] બહુ સંહારરે,
ક્ષણું એકમાં સરવે માર્યું, કાળિકા [illegible]. આરા૦ ૧૧
અસુર ત્યાં બહુ શસ્ત્ર નાખે, દેવી ઉપર [illegible]રે,

અનેક બાણ વરસાવે જોદ્ધા, જેમ અષાડે મેઘ. આરા૦ ૧૧૧
જેમ સૂરજ વાદળમાં ઢાંકયો, તેમ દેવી ઊપર બાણરે,
સર્વે નિષ્ફળ કર્યા દેવીએ, અસુર તણાં નીરવાણ. આરા૦ ૧૧૨
સિંહથકી કાળીકા દોડયાં, આવ્યાં ચંડની પાસરે,
કેશ ઝાલીને મસ્તક કાપ્યું સૈન્યમાં પડીઓ ત્રાસ. આરા૦૧૧૩
મુંડ દેખીને નાશે ભાગે, દેવી પુંઠે જાયરે,
ચંડનુ મસ્તક કાપ્યું દેખી, મુંડ ઘણો અકળાય. આરા૦ ૧૧૪
ખડગ મારીને મસ્તક કાપ્યું, મુંડ તણું તતકાળરે,
અસુર સરવે ચોદેશ નાઠા, દેખી તેના હવાલ. આરા૦ ૧૧૫
ચંડ મુંડનાં મસ્તક ઝાલી, અંબા પાસે આવ્યારે,
હસ્તે હસ્તે બોલ્યા વાણી અસુરને અમે તાવ્યાં. આરા૦ ૧૧૬
ચંડ મુંડને માર્યા દેવી. દૈત્ય પશુની જાતરે,
જુદ્ધ જગના શુંભની શુંભને, કરીશુ તેની ઘાત. આરા૦ ૧૧૭
ચંડ મુંડને માર્યા દેખી, અંબા બોલ્યાં વાણીરે,
બળિયા દૈત્યને નાશ પમાડયા, દુષ્ટ અસુરને જાણી આરા૦૧૧૮
જેમાટે તમે ચંડ મુંડને, માર્યા આણે ઠામરે,
તેમાટે તમને સહુ કહેશે ચામુંડા તારૂં નામ આરા૦ ૧૧૯
શુંભની શુંભને ખબર પહોંચી ચંડ મુંડને માર્યારે,
સૈન્યનો સઘળુ ક્ષય કાઢ્યું છે જોદ્ધા જુદ્ધમાં હાર્યા. આરા૦૧૨૦
તેણે સમે ત્યાં શુંભની શુંભને, ક્રોધ ચડયો પરચંડરે
ઉદ્યમ કર્યા ત્યાં લડવા કાજ, તેડયા અસુર નવખંડ. આરા૦ ૧૨૧
છાશી અયુતમહા ગોત્ર જોદ્ધા, મહા બળિયો મહાવીરરે,
ચોરાશી કંપુને તેડી રાખ્યા પાસે ધીર. આરા૦ ૧૨૨
કોટી અસુરને સાથે લીધા, જુદ્ધમાં થાઓ તૈયારરે,
મારી સાથે સર્વે ચાલો, ક્ષણું ન કરશો વાર. આરા૦ ૧૨૩
સર્વે સૈન્યા લેઈને ચાલ્યો, શુંભ અસુર બળવંતરે,
મહાભયંકર સૈન્ય મળ્યું છે, ગણતાં ન આવે અંત.આરા૦૧૨૪
હિમાચળ ઉપર દેવીએ, આવતાં દીઠું દુરરે,
બળવંત સૈન્યા બીહામણીછે, જેમ સાગર ભરપૂર. આરા૦૧૨૫

મનુષ્ય તણો હુંકારે ગાજે, પૃથ્વીને આકાશરે,
[illegible] કરે છે, અસુર પામે ત્રાસ. આરા૦ ૧૨૬
મનુષ્ય ચઢાને [illegible], કર્યા શાખો ગાજેરે,
કાળીકાએ [illegible], અસુર હણવા કાજે આરા૦ ૧૨૭
[illegible] કેરી સેન્યનો [illegible], [illegible] રે,
[illegible] આરા૦ ૧૨૮
તે યુદ્ધ સમે આકાશમાર્ગે, દેવતા જોવા આવ્યારે,
[illegible] પોતપોતાના [illegible] આરા૦ ૧૨૯
બ્રહ્મા વિષ્ણુ ને મહેશ્વર, કાર્તિ [illegible],
ઇંદ્ર અમર સૌ જોવા આવ્યા, [illegible] આરા૦ ૧૩૦
સર્વ દેવના શરીરથી નીકળી, સર્વ શક્તિ આવીરે,
પોતપોતાના વાહને બેસી, દેવતા સરખી [illegible] આરા૦ ૧૩૧
હંસ તણું વિમાને બેઠા, માળા કમંડળ લાવ્યરે,
બ્રહ્મા તણી બ્રહ્માણી કહીએ, શોભે [illegible] આરા૦ ૧૩૨
વૃષભ ઉપર વાહન કરીને માહેશ્વરી [illegible] રે,
ત્રિશુળ [illegible] હાથ ધર્યું છે, [illegible] આરા૦ ૧૩૩
કાર્તિકસ્વામીની જે શક્તિ, કૌમારી કહેવાયરે,
મોરના ઉપર વાહન કરીને, યુદ્ધમાં લડવા જાય આરા૦ ૧૩૪
વિષ્ણુ તણી વૈષ્ણવી શક્તિ, ગરૂડ તણું વાહનરે,
શંખ ચક્ર ગદાને પદ્મ, પીતાંબર પાવન. આરા૦ ૧૩૫
ઐરાવત ઇંદ્રાણી કહીએ, નેત્ર હજાર જોયરે,
વજ્ર હાથમાં મુગટ માથે, ઇંદ્રના સરખી હોય. આરા૦ ૧૩૬
વારાહ તણી ત્યાં શક્તિ આવ્યાં. નારસિંહ છે [illegible] રે,
[illegible] આવી [illegible], [illegible] આરા૦ ૧૩૭
એ પ્રમાણે ઘણી એક શક્તિ, યુદ્ધ કરવાને આવ્યારે,
અંબિકાને કાળીકાએ, સર્વને મન ભાવ્યાં. આરા૦ ૧૩૮
દેવીએ ત્યાં દૂત મોકલી, શુંભનિશુંભને કહાવ્યુંરે,
દૂત દેવ એક [illegible], આગળથી ચેતાવ્યું આરા૦ ૧૩૯
દૂત જઇને શુંભને કહે છે, [illegible] મારી [illegible] રે,

દેવીએ કહ્યું છે તમને, ન કરશો ઉત્પાત. આરા૦ ૧૪૦
ઇંદ્ર તણું ઇંદ્રાસન આપો, ત્રણ લોકનું રાજરે,
દેવતાના જે ભાગ જગતના, સવ આપો આજ આરા૦ ૧૪૧
દેવતાના અધીકાર સૂંપીને, તમે જાઓ પાતાળરે,
જો જીવવાની ઇચ્છા હોય તો, સાંભળજો ત્રણ કાળ આરા૦ ૧૪૨
આ [illegible] કરીને, શુદ્ધ કરવાનું કરશોરે,
[illegible] દૈત્યનું, [illegible] તમે [illegible]. આરા૦ ૧૪૩
[illegible] પાછો આવ્યો, [illegible] કહેવાયરે,
[illegible] ક્રોધ કરી અકળાય આરા૦ ૧૪૪
[illegible] સર્વે, [illegible]રે,
[illegible] કરતા, તોમર [illegible] આરા૦ ૧૪૫
[illegible] દેવી [illegible]રે, [illegible]રે,
દેવીઓ [illegible] મુકીને, [illegible] આરા૦ ૧૪૬
[illegible] હોય રે,
[illegible] આરા૦ ૧૪૭
સુરજ ઝાંખા થયો આકાશે, [illegible] કઠોરરે,
તારા ખરેને ધરતી ધ્રુજે, [illegible] થાય [illegible]. આરા૦ ૧૪૮
દસ દિશાઓ ડગવા લાગી, સમુદ્રે લોપી કારરે,
પગ પ્રહારે રજ બહુ ઉડે, થયો ગયો અંધકાર આરા૦ ૧૪૯
તોમર ફરશી ભાલા ચળકે, ખડ્ગ તણા ચમકારરે,
પરીઘ પટ્ટાને ભુશંડી, નાંખે આયુધની ધારા. આરા૦ ૧૫૦
બ્રહ્માણી કમંડળમાંથી, છાંટે દૈત્યને પાણીરે,
મહાબળિયાએ દૈત્યનું પ્રાક્રમ, લેજો ક્ષણમાં તાણી આરા૦ ૧૫૧
ઇંદ્રાણી જે વજ્ર પ્રહારે, કરે, દૈત્યનો ઘાતરે,
માહેશ્વરી ત્રીશુળથી મારે, કરે આ પૃથ્વી પાત. આરા૦ ૧૫૨
વૈષ્ણવી આ ચક્ર મુકીને, [illegible] શીશરે,
નખ પ્રહારે નારસિંહી, [illegible] આરા૦ ૧૫૩
[illegible], પૃથ્વીમાં [illegible]રે,
[illegible], [illegible] ભરપૂર. આ૦ ૧૫૪

સિંહ નાદ કરેછે ભયંકર, અસુર ઉપર ત્રુટેરે,
અસુર નાસાનાશ કરેછે, અન્યોઅન્ય શિર ફુટે. આરા૦ ૧૫
ઘણું ભયંકર જુધમંડાયુ, થાયછે ઉલકાપાતરે,
ધનુષ ટંકારે પૃથ્વી ગાજે, કરે શસ્ત્રની ઘાત. આરા૦ ૧૫
એક દૈત્ય તે જુધમાં આવ્યો, રકતબીજછે નામરે,
પ્રાક્રમ તેનું મહામોટુ છે. લડવા આવ્યોતે ઠામ. આરા૦ ૧૫
રકતબીજના દેહ થકીરે, રૂધિર પડે જઇ દુરરે,
જેટલા છાટા પડે પૃથ્વીમા, તેટલા થાય અસૂર. આરા૦ ૧૫
તેલડવાને આવ્યો આગળ, ઇંદ્રાણીના સામેરે,
વજ્ર થકી ઇંદ્રાણી મારે, દૈત્ય તણુ સંગ્રામે. આરા૦ ૧૫૮
જેટલા છાંટા પડયા પૃથ્વીમા, તેટલા થયા અસુરરે,
તેના સરખુ પ્રાક્રમ બળીયા, તેના સરખુ નુર. આરા૦ ૧૬
જેમ જેમ મારે રકતબીજને, રૂધીર પડે બહુ છેકરે.
તેમતેમ થાય અસુર મહાબળિયા, હજારો હજાર અનેક
આરાસુર૦ ૧૬
ઇંદ્રાણી વજ્રથી મારે, વૈશ્નવી ચક્રથી મારેરે,
જે જેના આયુદ્ધ હતાં તે, નાખ્યાં તેણી વારે. આરા૦ ૧૬
ગદા ત્રિશુળને ચક્ર થકી ત્યાં, રકતબીજને મારેરે,
રૂધિર પડે પૃથ્વીના ઉપર, થયા અસુર વિસ્તારે આરા૦ ૧૬
આખાજતમા વ્યાપી રહ્યા ત્યાં, રકતબીજ મહાવીરરે,
ત્રણુ લોકભયંકર પામે, નવ રહે કોઇને ધીર. આરા૦ ૧૬
દેવીઓના કોપ થકી ત્યાં, રકતબીજ બહુ વધીયારે,
દેવતા સરવે ભય પામ્યાછે, શું કરશે દેવી બધીઓ આરા૦૧૬
તેણે સમે ચંડિકા બોલ્યાં, હે કાળી ચામુંડારે,
મુખ તમારૂં કરો મહામોટું, અસુર થયા નવખંડ. આરા૦૧૬
મારા શસ્ત્રથી મારૂ દૈત્યને, રકતબીજ અસુરરે,
રૂધિર પડતું મુખમાં લેજો, ક્ષણમાં કરૂં ચકચુર. આરા૦ ૧૬૭
રૂધિર પીજો ભક્ષણ કરજો, રકતબીજનું તનરે
એ પ્રમાણે નાશ પામશે, ક્ષણમાં પામશે અંત. આરા૦ ૧૬૮

એવું સાંભળી કાળીકાએ, મુખ મોટું વિસ્તાર્યું રે,
સૌ મી જીભને દાંત મહામોટા. દૈત્યને ખાવા સારૂ આરા૦ ૧૬૯
દેવી ત્રિશુળથી ઘાત કરેને, વજ્ર થકી ઈંદ્રાણીરે,
રૂધિર પડે તે મુખમા લેછે, જેવું અમૃત પાણી આરા૦ ૧૭૦
મારતા પંડેનું હાથે ઝાલી, મુખમા નાખી ચાવેરે
આખા આખા ખાવા લાગી, રક્તબીજ જે કટાવે આરા૦ ૧૭૧
પાચપચાસને હાથમા ઝાલી, મુખથી મારે હાકારે,
સહુને સાથે મુખમા નાખે, જેવા ચણાનો ફાકો. આર૦ ૧૭૨
વજ્ર પ્રહારે રૂધિર નીકળે, ચામુંડા તે પીએરે,
કાળીકા તો મુખથી ચાવે, અસુર સઘળા બીહે આરા૦ ૧૭૩
એ પ્રમાણે કર્યા કાળીએ, રક્તબીજનો નાશરે,
ક્ષણ એકમા સર્વે માર્યા, પડિયો દૈત્યને ત્રાસ આરા૦ ૧૭૪
રક્તબીજ વિના કરી પૃથ્વી, દેવતા હરખ પામ્યારે,
વખાણ કરે ત્યા ગણગાવર્યા મનવન દેવી શામા આરા૦ ૧૭૫
અનેક દૈત્ય તો જુધમાં માર્યા, કંઈ એક થયા અલોપરે,
રક્તબીજનો કંદન દેખી, નીશુભને ચડિઓ કોપ આરા૦ ૧૭૬
શુંભનીશુભ ત્યાં જોવા લાગ્યા સૈન્ય ન રહ્યું કાયરે,
મહા રોશ ભરાયે. દૈત્યને. હને માટ બળ જોય આરા૦ ૧૭૭
સેન્યા પતિ જે નિશુભ કહિયે, મહા બળિયા પરચંડરે,
પ્રાક્રમ મારૂ જોતુ દેવી, મારી કરૂં સતખંડ આરા૦ ૧૭૮
આગળ પાછળ જોઆ લેઇને, શુભનીશુંભ બે આવ્યરે
ચંડીકાને મારૂં હમણાં, ન દેઉ પાછી જાવા આરા૦ ૧૭૯
શુભનીશુભ બે દેવી સાથે, જૂધ કરે અપારરે,
બાણવરસાવે મેઘની પેઠે, શસ્ત્ર હજારો હજાર આરા૦ ૧૮૦
ચંડીકાએ બાણ આવતાં, છેદ્યા જે ત્રતકાળરે,
શસ્ત્ર નિશફળ કર્યા દેવીએ, દૈત્યને ચડિઓ કાળ. આરા૦ ૧૮૧
ચર્મ ખડગછે નીશુભ પાસે, અદ્ભુત કહેવાયરે,
સિંહના મુસ્તક ઉપર મારૂ, ખડગ તણો કરી ઘાય આરા૦ ૧૮૨
ખડગ ચરમ બેઉ દેવીએ છેદ્યાં આવતાં તેણી વારરે,

દૈત્યે ખડગ છેદયું દેખીને, કરનો હાહાકાર. આરા૦ ૧૮૩
શક્તિ મૂકી દેવી ઉપર, દૈત્યે ત્યાં નિરધારરે,
તેપાગુ ચક્ર થકી ત્યાં કાપી, મુકયું ત્રીશુળ તેણીવાર. આરા૦ ૧૮૪
દેવીએ ત્રિશુળને ભાગ્યું, મૂકી થકી ચકચુરરે.
દૈત્યે મારી ગદા દેવીને, ક્રોધ કરી ભરપુર. આરા૦ ૧૮૫
દેવીએ ત્રિસુળથી કાપી, ભસ્મ કરી તતકાળરે.
દૈત્યે ફરશી નાખી મારવા, દેવીનો કર કાળ. આરા૦ ૧૮૬
અનેક પ્રકારનાં શસ્ત્ર નાખે, દેવી ઉપર દૈત્યરે,
સર્વ કાપી નાખ્યાં દેવીએ, અસુર થયા ભયભિત. આરા૦ ૧૮૭
દેવીએ એક બાણુજ માર્યું, નીશુંભ પડયો તેણીવારરે,
મુરછા ખાઇને પડયો પૃથ્વીમા, શુંભ થયો તૈયાર આરા૦ ૧૮૮
ભાઈ પડયો મૂરછાએ દેખી, ક્રોધ કર્યો બહુ લડવારે,
તેની પાસે ઘણા છે શસ્ત્ર, આવ્યો સંગ્રામ કરવા આરા૦ ૧૮૯
મોટો રથ મહામોટા આયુધ, મહાબળિયો રણધિરરે,
આઠ ભુજાછે શુંભ દૈત્યને, આકાશ ઉડે વીર. આરા૦ ૧૯૦
આવતો દેખ્યો દેવીએ તેને, શંખ તણો કર્યો નાદરે,
ધનુષ્યબાણુને સિંહ ઘંટના, બહુ થયા ત્યાં નાદ. આરા૦ ૧૯૧
દસદિશાઓ પુરાઇ નાદથી, દૈત્યના નાસે તેજરે,
મહાભય કર લાગે દૈત્યને, દેવીને મન સેજ. આરા૦ ૧૯૨
કાલીકા આકાશને પૃથ્વી, પગથી કરે પ્રહારરે,
ખડખડ હાશ કરે શિવદુતિ, શુંભને ક્રોધ અપાર આરા૦ ૧૯૩
દુષ્ટ આત્મા ઉભા રહેને, દેવતા દેખતે મારૂંરે,
શુંભ કહેછે આવેળાએ, તુજને નહિ ઉગારૂ. આરા૦ ૧૯૪
અગ્નિ સરખી જ્વાળા જેમાં, દૈત્યે મુકી શક્તિરે,
જ્વાળા આવી જાણે તરતજ, દેવી નથી ત્યાં ડગતી. આરા૦ ૧૯૫
નિષ્ફળ કરી શક્તિની જ્વાળા, શસ્ત્ર ઘણાં વરસાવેરે,
સિંહ નાદથી શુંભ નાસતો, દેવી સનમુખ આવે. આરા૦ ૧૯૬
હજારો હજાર દેવીએ છેદ્યા શુંભ તણા બાણુરે,
ચંડીકાએ ત્રિશુળ માર્યું, પડયો પૃથ્વીમાં જાણુ. આરા૦ ૧૯૭

મહા મુરછાએ શુંભ પડયોછે, નિશુંભ પાછો ચેત્યો રે,
દેવી સાથે લડવા લાગ્યો, મારો મારો એમ કહેતો. આરા૦ ૧૯૮
શસ્ત્ર નાખે દેવી ઉપર, સિંહને વળી સા મારેરે,
સામાસામી ચક્ર નાખેને, દેવી કાપે તે વારે. આરા૦ ૧૯૯
ખડગ તણા ત્યાં થાય ચળકારા, ગદા ત્રિશુળને ફરશીરે,
મહા ભયકર જૂધ કરે ત્યા, આયુધધાર રહી વરશી આરા૦ ૨૦૦
દેવીએ નિશુભના ઉપર, ત્રિશુળ માર્યું છાપુંરે,
મહાબળિઓ નિશુભ હતો તેનું, ક્ષણમાં મુસ્તક કાપ્યુ આરા૦૨૦૧
નિશુભ મરાયો દેખીને ત્યા, દૈત્યો નાખા નાસરે,
દેવતા સર્વ હરખ પામ્યા, દૈત્ય થયા નિરાશ, આરા૦ ૨૦૨
સિંહ ચડયો નિશુંભના ઉપર, રૂધિર તેનુ પીવારે,
અનેક અસુરને મારે કાળી, શુંભ લાગ્યોછે બીવા. આરા૦ ૨૦૩
શિવ દૂતિ કૌમારી દેવી, વારાહી બ્રહ્માણીરે,
પોતપોતાના શસ્ત્રથી મારે, મહેશ્વરી ઈંદ્રાણી. આરા૦ ૨૦૪
અનેક અસુર એમ માર્યા સર્વે, કઇ એક નાઠા દુરરે,
હાથી ઘોડાને રથ બહુ વાહન, મારી કર્યા ચકચુર. આરા૦ ૨૦૫
નિશુંભ હણ્યો દેખ્યો ત્યાં શુભે, પ્રાણ સરીખો ભાઇરે,
મહાક્રોધ કરીને બોલ્યો, જુધ કરૂ સવાઇ' આરા૦ ૨૦૬
હે અબળા દુષ્ટ તું દેવી, સાભળ મારી વાતરે,
સરવે દેવીઓ સાથે લેઇને, કરીએ સૈન્યની ઘાત. આરા૦ ૨૦૭
હવડાં મારૂ તુજને દેવી, પાછી નવ દેઉ જાવારે,
પ્રાક્રમ મારૂં મહામોટું છે, ત્રણ લોક મેં તાવ્યા. આરા૦ ૨૦૮
એવુ કહીને લડવા લાગ્યો, બાણ ઘણાં વરસાવેરે,
દેવી દૈત્યને જૂધ મંડાયુ, મહા ભયંકર કહાવે. આરા૦ ૨૦૯
દેવતા સર્વે જોવા લાગ્યા, મહાદારૂણ રણ હોયરે,
દીવ્ય શસ્ત્ર દૈત્ય મારે છે, દેવ વિમાને જોય. આરા૦ ૨૧૦
અંબિકાએ શસ્ત્ર આવતાં, ભાગી કર્યા ચકચુરરે,
શુંભે શસ્ત્ર ભાગ્યાં દેખી, ક્રોધ કર્યો ભરપુર, આરા૦ ૨૧૧
દૈત્યે બાણ ઘણાં વરસાવ્યાં, દેવી નાખ્યાં ઢાંકીરે,

કોપ કરીને લડવા સારૂ, દેવી ઊઠયાં હાકી, આરા૦ ૨૧૨
ધનુષ બાણ કાપ્યું દેવીએ, શું ન તાકું ત્રગમાળારે,
એટલે દૈત્યે શક્તિ લીધી, જેમાં અગ્નિની જ્વાળ આરા૦ ૨૧૩
ચક્ર મુકીને શક્તિ કાપી, નાખતાં પહેલી તરત રે,
શતચંદ્ર જે ખડગ શુંભનું, મારવા લીધું ચત. આરા૦ ૨૧૪
સો સુરજનું તેજ ઝળકતા, હાથમાં લીધું મારવારે,
દેવી સામો દોડી આવ્યો, ઘાય ખડગનો કરવા આરા૦ ૨૧૫
દેવીએ તે છેદી નાખ્યું, ભાગી કર્યું સત ખંડરે,
અને બાણ ધનુષ બહુ છેદ્યાં, ક્રોધ ચડયો પ્રચંડ આરા૦ ૨૧૬
ઘોડા માર્યા સારથી મારી, રથ કર્યો ચકચુરરે,
દૈત્ય હતા પાસે તે માર્યા, એકલો રહ્યો અસુર. આરા૦ ૨૧૭
મુદગળ લીધો દૈત્યે હાથમાં, દેવીને હું મારૂ રે.
તે પણ કાપી નાખ્યો મુગદળ, હવે મરણું તારૂ આરા૦ ૨૧૮
શસ્ત્ર સરવે નાશ પામ્યાછે, પાસે નવ્યું એકરે,
મુઠી પ્રહારથી લડવા લાગ્યો, સામાસામી છેક. આરા૦ ૨૧૯
દેવીની છાતીમાં માર્યો, મુઠી તણો પ્રહારરે,
એટલે લાત મારી દેવીએ, પડયો પૃથ્વી મોઝાર આરા૦ ૨૨૦
પાછો ઉઠી લડવા લાગ્યો, દેવી દૈત્ય એ પાસેરે,
દેવી સાથે લેઇને ઉડયો, લડવા લાગ્યો આકાશે આરા૦ ૨૨૧
દેવી દૈત્ય તણે સંગ્રામે, મહાભય કર ભાસેરે.
ઘણી વાર સુધી જુધ ચાલ્યુ, નીરાધાર આકાશે. આરા૦ ૨૨૩
દેવતા સરવે વિસ્મે પામ્યા, શું થાશે આવેળારે,
આકાશ માર્ગ જુધ કરેછે, દેવી દૈત્ય એ ભેળાં આરા૦ ૨૨૩
દેવી એ ત્યાં ઉંચે ભમાવી, પૃથ્વી ઉપર નાખ્યોરે,
શસ્ત્ર વાગ્યાં ગાત્ર ભાગ્યા, દૈત્ય થયોછે ઝાંખો. આરા૦
વેગ કરીને પાછો ઉઠયો, મુઠી પ્રહારે મારૂંરે,
સામો દોડી લડવા આવ્યો, આવેળા તને મારૂં. આરા૦ ૨૨૫
દેવીએ ત્યાં મન વિચાર્યું, હવે કરૂં એનો નાશરે,
ઘણીવાર થઇ જુધ કરતાં, દેવ પામે છે ત્રાસ. આરા૦ ૨૨૬

એવું વિચારી ચંડીકાએ, ત્રિશુળ લીધુ હાથરે,
મહાબળિયોએ દૈત્ય શુંભછે, ત્રણ લોકનો નાથ. આરા૦ ૨૨૭
જકતનું રક્ષણ કરવાને, ત્રિશુળ ઓસ્યું કહાડીરે,
શુંભની છાતી ઉપરમાર્યું, ક્ષણમા છાતી ફાડી. આરા૦ ૨૨૮
મ્રત પામ્યો પડયો પૃથ્વીમાં, ત્રિશુળ થકી તતકાળરે,
દેવતા જયજય કરવા લાગ્યા, ધનધન અંબામાત. આરા૦ ૨૨૯
પૃથ્વી ત્રૃપ્ત તારા ખર્યાને, પર્વત સહિત સમુદ્રરે,
સર્વ દેવતા હરખે પામ્યા, શુભ હિમાચળડુંગર. આરા૦ ૨૩૦
જગત સરવે સુખી થયું ને, આકાશ નિર્મળ થાયરે,
મેઘ વરસવા લાગ્યા સુંદર, વાયુસિતળ વાય. આરા૦ ૨૩૧
નદીઓ માર્ગ વહેવા લાગી, શાન્ત અગ્નિ પરઝળકેરે,
દશદિશાઓ નિર્મળ શોભે, સુરજ થયો ઉજ્વળ આરા૦ ૨૩૨
દેવતા સર્વે આનંદ પામ્યા, ગાંધર્વે કર્યું ગ્યાનરે,
અપછરાઓ નાચવા લાગી, હરખ ભરીને તાન. આરા૦ ૨૩૩
પુષ્પ વૃષ્ટી આકાશથી થાએ, જેજે શબ્દ બોલાયરે,
અંબા ચંડી કાલી સરવે, ધનધન તું મંમાય. આરા૦ ૨૩૪
ત્રીજુ ચરિત્ર જે શુંભનીશુંભને, કર્યો દેવિએ નાશરે,
ગાય શિખેને સાંભળે, તેની અંબા પુરે આશ. આરા૦ ૨૩૫
નાગર નાતજે બ્રહ્મણ કુળમાં, લવણપુરીમા વાસરે.
પા . મ ર જોડી કહેછે, શિવશક્તિનો દાસ. આરા૦ ૨૩૬

બે મહીનાની અંદર ચાર ડબા વાપરવાથી ફાયદો માલુમ ન પડે એવી ખાતરી કરી આપનારને લીધેલા પૈસા

પાછા આપવામા આવશે

(કાશી વાશી પંડીતજી બાળમુકંદજીની)

ચમત્કાર મંજરી.

(તદન વનસ્પતિની)

આ દવા અત્યુતમ ધાતુ પૌષ્ટીકછે વિર્યમાં વધારો કરી પ્રજા નિરોગી અને લાંબા આયુષ વાળી નીવડેછે શરીર રહૃષ્ટપુષ્ટ બનાવે છે આયુષને વધારે છે અને ખરેખર કૌવત આપનાર છે

શરીર તવાઇ ગયું હોય શરીરના કોઇ પણ ભાગમાથી ધાત જતી હોય, પ્રમેહથી શરીર નીર્બળ થઇ ગયુ હોય, નબળાઇથી મગજ ખાલી પડી ગયુ હોય, સ્ત્રીઓ તેમ પુરૂપનાં વિર્ય નિર્બળ થઈ ગયાં હોય પેસાબમાથી ધાતુ જતી હોય, વારવાર પેસાબ થતો હોય, નબળાઇથી આખ અને માથામાં દુખાવા થતા હોય, સ્ત્રીઓને વારેવારે ગર્ભપાત થતો હોય, સંતતી સુખની પ્રાપ્તિથતી ન હોય શરીરમા નબળાઇથી જીર્ણજ્વર રહેતો હોય, એ શરવેને દૂર કરવામાં ખરેખરો આદવામાં **ચમત્કાર** છે, અને શરીરના બાંધાને મજબુત કરેછે દરેક રતુમા તેનો ઉપયોગ થઇ શકે છે ખાવામાં મીઠી તેમ રૂચી કારક છે નાંનાં બાળક તેમ મોટાં માણસ હોંશથી ખાઈ શકે છે આ દવામાં કોઈ પણ જાતની પરહેજી પાળવાની નથી, પણ ખટાઇ ઓછી ખાવાથી તેનો ફાયદો તાત્કાળીક બતાવે છે.

આ **"ચમત્કાર મંજરી"**ના એક ડબામાં શેર ૦॥ ની કીંમત રૂ ૦–૧૨– ૦રાખવામાં આવીછે ઘણા વખતે, ઘણા ખરચે અને ઘણી મહેનતે આ દવા તૈયાર થએલીછે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે ડબાની સાથે આપેલો છે બહાર ગામ વાળા ને વેલ્યુ પેબલથી મોકલવામાં આવશે.

મગનલાલ પુરૂષોત્તમ

કપડવંજ મિત્રમંડળ મુદ્રાલયના મેનેજર